14

ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગરને શેરમુડીની ગ્રાન્ટ ફાળવવા બાબત.
રૂ. ૧૦૦.૦૦ લાખ વર્ષ ૨૦૧૮-૧૯

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃસશપ/૧૦૨૦૧૭/૩૨૫૨૫૦/અ.૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૫/૨૦૧૮

વંચાણમાં લીધાઃ- 14 MAY 2018

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૧/૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંકઃબજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૦૨/૦૫/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ/૨૦૧૮-૧૯/૯૯-૧૦૦

ઠ રા વઃ-

વંચાણ હેઠળના ક્રમાંક (૧) પરના આ વિભાગના તા.૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ.ગાંધીનગર માટે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં શેર મુડીની ગ્રાન્ટ પેટે રૂ. ૧૦૦.૦૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણ હેઠળના ક્રમાંક (૨) પરના તા.૦૨/૦૫/૨૦૧૮ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે આ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમને હવાલે મૂકવાની મંજૂરી આપવા દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં કરવામાં આવેલ બજેટ જોગવાઇ મુજબની રૂ. ૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સો લાખ પુરા)ની શેર મુડીની ગ્રાન્ટ ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગાંધીનગરને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ સને ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મંજૂર થયેલ જોગવાઇ સામે ઉધારવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) વર્ષના અંતે રહેતી બચત સુપ્રત કરવાની રહેશે.

૩. આ હુકમો આ વિભાગની બજેટ શાખાની ફાઇલ ક્રમાંકઃક્રમાંકઃબજટ/૧૦૨૦૧૭/૧૦૧૧૧૭/બ

પર નાણાં વિભાગની મળેલ વહીવટી મંજૂરી અન્વયેના વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના તા. ૧૧/૦૪/૨૦૧૮ના ઠરાવ તથા સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા.)ની તા.૧૦/૦૫/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઇ.એમ.ધાંચી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

<u>નકલ રવાના:-</u>

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ લિ. ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૧૮